# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

******************************************************

1. **બોત્સ્વાના આજે પ્રોજેક્ટ ચિત્તા હેઠળ ભારતને સ્થાનાંતરણ માટે ચિત્તા સોંપશે.**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂર કરેલી નિકાસકારો માટેની ક્રેડિટ ગેરંટી યોજના વૈશ્વિક સ્પર્ધાત્મકતાને વેગ આપશે.**
3. **બિહારમાં વિધાનસભા ચૂંટણીની આવતીકાલે યોજાનારી મતગણતરીની તૈયારીઓ પૂર્ણ.**
4. **સર્વોચ્ચ અદાલતે પંજાબ અને હરિયાણા સરકારને પરાળી બાળવા અંગે હાલની સ્થિતિનો અહેવાલ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો.**
5. **અમેરિકન સેનેટે વિરૂદ્ધમાં મતદાન કરતાં ઇતિહાસના સૌથી લાંબા શટડાઉનની અંત આવ્યો.**

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## PREZ BOTSWANA -CHEETAH HANDOVER

બોત્સ્વાના આજે પ્રોજેક્ટ ચિત્તા હેઠળ ભારતને સ્થાનાંતરણ માટે ચિત્તા સોંપશે. ગઈકાલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને તેમના બોત્સ્વાના સમકક્ષ ડુમા બોકો વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટોના અંતે સંયુક્ત પ્રેસ બ્રીફિંગ દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી.

સાંભળીએ એક અહેવાલ

(વોઈસ કાસ્ટ – કરણ પરમાર)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-CABINET DECISIONS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ગઈકાલે કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂર કરેલી નિકાસકારો માટેની ક્રેડિટ ગેરંટી યોજના વૈશ્વિક સ્પર્ધાત્મકતાને વેગ આપશે, સરળ વ્યાપારિક કામગીરી સુનિશ્ચિત કરશે અને ભારતને આત્મનિર્ભર રાષ્ટ્ર બનાવવામાં મદદ કરશે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કેન્દ્રીય મંત્રીમંડળે લીધેલા નિર્ણયોની પ્રશંસા કરી.

તેમણે ઉમેર્યું કે નિકાસ પ્રમોશન મિશન-EPM નિકાસ સ્પર્ધાત્મકતામાં સુધારો કરશે, MSME, પ્રથમ વખત નિકાસકારો અને શ્રમ-સઘન ક્ષેત્રોને

મદદ કરશે. શ્રી મોદીએ ઉલ્લેખ કર્યો કે EPM મુખ્ય હિસ્સેદારોને એક એવી પદ્ધતિ બનાવવા માટે એકસાથે લાવે છે જે પરિણામ આધારિત અને અસરકારક હોય.

તેમણે કહ્યું, મહત્વપૂર્ણ ખનિજો માટે રોયલ્ટી દરોને તર્કસંગત બનાવવાનો કેન્દ્રીય મંત્રીમંડળનો નિર્ણય ટકાઉપણું અને આત્મનિર્ભરતાને વેગ આપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GOYAL--TRIBAL-BUSINESS-CONCLAVE

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે નિકાસ ક્ષમતા ધરાવતા તમામ આદિવાસી ઉત્પાદનોને સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રોત્સાહન આપવામાં આવશે.

નવી દિલ્હીમાં આદિવાસી વ્યાપાર સંમેલન 2025 માં સંબોધન કરતાં શ્રી ગોયલે કહ્યું કે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારો બંને આદિવાસી માલ અને હસ્તકલા માટે પુષ્કળ તકો પ્રદાન કરે છે.

તેમણે માહિતી આપી કે આદિવાસી ઉત્પાદનોને દૃશ્યતા અને બજાર પહોંચ મળે તે સુનિશ્ચિત કરવા હાલમાં એક યોજના વિકસાવવામાં આવી રહી છે, જેનાથી નિકાસ પ્રોત્સાહન મજબૂત બનશે.

આદિજાતિ વ્યાપાર સંમેલનના સમાપન સત્રને સંબોધન કરતાં, કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી જુઆલ ઓરમે આદિવાસી પ્રદેશોમાં મહુઆ, સાલ બીજ, હસ્તકલા અને વન ઉત્પાદનોમાં અપાર સંભાવનાઓ રહેલી છે તે વાત પર ભાર મૂક્યો.

તેમણે કહ્યું કે આ સંમેલન સંભાવનાઓને સમૃદ્ધિમાં ફેરવવાના સંકલ્પને દર્શાવે છે, જે સુનિશ્ચિત કરે છે કે આદિવાસી વિકાસ ભારતની વિકાસ ગાથાનો અભિન્ન ભાગ બને.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## CONSUMER-AFFAIRS-PORTAL

ગ્રાહક બાબતોના મંત્રાલયે ખાનગી ઉદ્યોગો, પ્રયોગશાળાઓ અને પરીક્ષણ સુવિધાઓ માટે સરકાર દ્વારા માન્ય પરીક્ષણ કેન્દ્રો તરીકે માન્યતા આપવા એક ઓનલાઈન પોર્ટલ શરૂ કર્યું છે.

મંત્રાલયે જણાવ્યું કે 30 નવેમ્બર સુધી સત્તાવાર પોર્ટલ https://doca.gov.in/gatc દ્વારા ઓનલાઈન અરજી કરી શકાશે. આ પહેલ વજન અને માપ ચકાસણી વ્યવસ્થા અને માળખાગત સુવિધાના વિસ્તરણમાં એક મહત્વપૂર્ણ પગલું છે, જેનો હેતુ વેપારમાં ચોકસાઈ, પારદર્શિતા અને ન્યાયીતા સુનિશ્ચિત કરવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR COUNTING REDINESS

બિહારમાં વિધાનસભા ચૂંટણી માટે મત ગણતરી આવતીકાલે થશે. બિહારના **38** જિલ્લાઓમાં **46** મત ગણતરી કેન્દ્રો પર મત ગણતરી કરવામાં આવશે.

ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો **(EVM),** જેમાં તમામ ઉમેદવારોનું ચૂંટણી નસીબ સીલ કરવામાં આવ્યું છે, તેને સ્ટ્રોંગ રૂમમાં કડક સુરક્ષા હેઠળ રાખવામાં આવ્યા હતા. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, ગણતરી આવતીકાલે સવારે **8** વાગ્યે શરૂ થશે.

## VOICE CAST DIPENDRA

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ**

**NEWSONAIR.GOV.IN/**સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## WB-DEOs

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીએ ગઈકાલે જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે ગણતરી ફોર્મ વિતરણના મુદ્દા પર વર્ચ્યુઅલ બેઠકની અધ્યક્ષતા કરી હતી. **CEO** એ **DEO** ને વિતરણ પ્રક્રિયા ઝડપી બનાવવા વિનંતી કરી હતી.

અગાઉ, ચૂંટણી પંચે **12** નવેમ્બર સુધીમાં ગણતરી ફોર્મ વિતરણનું કાર્ય પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખ્યું હતું જે સમયસર પૂર્ણ થયું હતું. બેઠકમાં **CEO** દ્વારા ગુમ થયેલા મતદારો માટે ગણતરી ફોર્મ વિતરણના અહેવાલો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DELHI METRO-CAR BLAST

દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશને કહ્યું, સુરક્ષા કારણોસર લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન આગામી સૂચના સુધી બંધ રહેશે. સોશિયલ મીડિયા સંદેશમાં, તેણે કહ્યું કે અન્ય તમામ સ્ટેશનો સામાન્ય રીતે કાર્યરત છે.

સોમવારે દિલ્હીમાં લાલ કિલ્લા પાસે એક કારમાં થયેલા વિસ્ફોટ બાદ લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન બંધ કરી દેવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MAHIPALPUR-TYRE BURST

આજે સવારે દક્ષિણ પશ્ચિમ દિલ્હીના મહિપાલપુર વિસ્તારમાં બસનું ટાયર ફાટવાથી થયેલા જોરદાર ધડાકાથી સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. દિલ્હી ફાયર સર્વિસના અધિકારીઓએ માહિતી આપી હતી કે તેમને લગભગ 9.18 વાગ્યે ફોન આવ્યો હતો અને તેમણે તાત્કાલિક ત્રણ ફાયર ટેન્ડર ઘટનાસ્થળે મોકલ્યા હતા.

દિલ્હી પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઘટનાસ્થળે કંઈ શંકાસ્પદ મળ્યું નથી. પોલીસે ઉમેર્યું હતું કે સ્થાનિક તપાસ દરમિયાન, એક ગાર્ડે જાણ કરી હતી કે ધૌલા કુવા તરફ જતી ડીટીસી બસનું પાછળનું ટાયર ફાટ્યું હતું અને તેથી અવાજ આવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે પરિસ્થિતિ હવે સામાન્ય છે અને ચિંતા કરવાની કોઈ વાત નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## SC-STUBBLE-BURNING

સર્વોચ્ચ અદાલતે પંજાબ અને હરિયાણા સરકારને પરાળી બાળવા અંગે હાલની સ્થિતિનો અહેવાલ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે.મુખ્ય ન્યાયમુર્તિ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રનની ખંડપીઠે રાજ્યોને અહેવાલ દાખલ કરવાનો નિર્દેશ આપતા કહ્યું કે અદાલત આગામી અઠવાડિયે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં વાયુ પ્રદૂષણના મુદ્દે સુનાવણી કરશે.

સર્વોચ્ચ અદાલત હાલમાં 1985માં વાયુ પ્રદૂષણ પર દાખલ કરાયેલી અરજીની સુનાવણી કરી રહી છે. આ કેસમાં એક વકીલે બેન્ચને માહિતી આપી કે હવા ગુણવત્તા વ્યવસ્થાપન કમિશને ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન ગ્રેપ-3 લાગુ કરાયો છે, પરંતુ પરિસ્થિતિ ગ્રેપ-4ના અમલીકરણની જરૂરિયાત દર્શાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## US -SHUTDOWN

અમેરિકામાં સૌથી લાંબા શટડાઉનનો અંત આવી ગયો છે.. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ફેડરલ કામગીરીને અસ્થાયી રૂપે ભંડોળ પૂરું પાડવા માટે કોંગ્રેસ દ્વારા પસાર કરાયેલા કાયદા પર હસ્તાક્ષર સાથે શટડાઉન સમાપ્ત થઇ ગયુ છે. સેનેટ દ્વારા પસાર કરાયેલા કાયદાને મંજૂરી આપવા માટેના મતદાન સાથે રિપબ્લિકન અને ડેમોક્રેટ્સ વચ્ચેનો મડાગાંઠનો ઉકેલ આવી ગયો.

જોકે ઓબામાકેર તરીકે જાણીતા આરોગ્ય વીમા કાર્યક્રમ માટે સબસિડી વધારવાની માંગણીઓ સ્વીકારવામાં આવી ન આવતા ડેમોક્રેટ્સને આંચકો લાગ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VERDICT HASINA

બાંગ્લાદેશનું ઇન્ટરનેશનલ ક્રાઇમ ટ્રિબ્યુનલ આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીના સામેના કેસમાં પોતાનો ચુકાદો આપશે. જુલાઈ 2024 માં થયેલા બળવા સાથે જોડાયેલા કેસમાં શેખ હસીના હાલમાં માનવતા વિરુદ્ધના ગુનાઓના આરોપોનો સામનો કરી રહ્યા છે.

આ મામલે તેમની સરકારને વિરોધીઓએ ઉથલાવી દીધી હતી. ICT એ ટ્રિબ્યુનલ પરિસરની આસપાસ પણ પ્રતિબંધો લાદ્યા છે, સત્ર દરમિયાન મર્યાદિત મીડિયા અને જાહેર પ્રવેશની મંજૂરી છે. દરમિયાન, હસીનાની

પાર્ટી બાંગ્લાદેશ અવામી લીગે વિરોધમાં આજે દેશવ્યાપી સવારથી સાંજ સુધી બંધનું આહ્વાન કર્યું છે.

પક્ષના નેતૃત્વએ આરોપો પાછળ રાજકીય બદલો લેવાનો પણ આરોપ લગાવ્યો છે, દાવો કર્યો છે કે કાર્યવાહીનો હેતુ ભૂતપૂર્વ પ્રધાનમંત્રીને ચૂપ કરવા અને તેમના પક્ષના પ્રભાવને ખતમ કરવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WEATHER

હવામાન વિભાગે આજે કેરળ અને માહેમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. છત્તીસગઢ, પૂર્વ રાજસ્થાન અને પૂર્વ મધ્યપ્રદેશમાં આજે તીવ્ર ઠંડીની સ્થિતિ રહેશે.

ઉત્તરપૂર્વ ભારતમાં હળવાથી મધ્યમ ધુમ્મસની સ્થિતિ અને લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## S.LANKA RETURN PAK

શ્રીલંકા ક્રિકેટ- **SLC**એ પુષ્ટિ આપી છે કે તેની રાષ્ટ્રીય ટીમ પાકિસ્તાનના હાલના પ્રવાસને નિર્ધારિત સમય મુજબ ચાલુ રાખશે,

મંગળવારે ઇસ્લામાબાદમાં થયેલા આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ પછી પાછા ખેંચવાની અટકળોને ફગાવી દીધી છે.

ટીમના અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે કોઈ પણ શ્રીલંકન ખેલાડી ઘરે પરત ફરી રહ્યો નથી અને જો કોઈ વ્યક્તિ બહાર નીકળશે તો જ તેમના સ્થાને અન્ય ખેલાડીઓની વ્યવસ્થા કરવામાં આવશે.

**SLC** એ જણાવ્યું હતું કે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ-**PCB** અને કાયદા અમલીકરણ સંસ્થાઓ સાથે પરામર્શ બાદ ખેલાડીઓને ખાતરી આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .